**શું મ્યુનિ.કમિ. નહીં હોય તો મનપાનું તંત્ર લકવાગ્રસ્ત બની જાય?**

# વાવાઝોડાની આગાહી છતાં ઊંઘતી રહેલી મનપાને કારણે એકનો જીવ ગયો!

**આગાહી** છતાં જોખમી હોર્ડિંગ્સ, શેડ કે જોખમી સ્ટ્રક્ચર દૂર કરાયાં નહીં અને હવે દોડાદોડી કરવાનો વારો આવ્યો

### મ્યુનિ.કમિ. એમ. નાગરાજનની ગેરહાજરીમાં ડે.કમિ. નિધી સિવાયે મોરચો સંભાળ્યો, ઝોનવાઇઝ ટીમ તૈનાત કરી

સુરતમાં અચાનક આવેલા મિનિ વાવાઝોડામાં મ્યુનિ.કમિ. એમ. નાગરાજન પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ફરજ પર હોવાથી ડે.કમિ. નિધી સિવાયે પરિસ્થિતિનો કાબૂ સંભાળી ઝડપી નિર્ણયો લીધા હતા. વાવાઝોડા બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા માટે તમામ ઝોનના કાર્યપાલક ઇજનેરોને તાત્કાલિક સૂચનાઓ આપવામાં આવી હતી. ઝોનવાઇઝ ટીમો રચી કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખાસ કરીને ગાર્ડન વિભાગ, લાઇટ વિભાગ અને બેલદારોની અલગ-અલગ ટીમો તૈયાર કરીને દરેક ઝોનમાં તૈનાત કરવામાં આવી હતી. રાત્રિના સમયે જ આ ટીમોને મેદાનમાં ઉતારી ઝાડ પડવાના બનાવો, તૂટેલા હોર્ડિંગ્સ, ખોરવાયેલા વીજ પુરવઠા અને રસ્તા અવરોધ જેવી સમસ્યાઓ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટીમોએ સતત કામગીરી કરીને રસ્તાઓ પર પડેલા ઝાડ દૂર કર્યા અને ટ્રાફિક વ્યવસ્થા ફરી શરૂ કરવામાં મદદ કરી હતી.

સુરત : શહેરમાં મીની વાવાઝોડાએ માત્ર શહેરને જ નહીં પરંતુ મનપાના તંત્રની નિષ્ફળતા અને બેદરકારીને પણ નગ્ન કરી નાખી છે. આગાહી હોવા છતાં સુરત મહાનગરપાલિકા તંત્ર દ્વારા કોઈ પૂર્વ તૈયારી ન કરવામાં આવતા એક નિર્દોષ નાગરિકને જીવ ગુમાવવો પડ્યો છે. પર્વત પાટિયા વિસ્તારમાં મનપાનું જ દિશાસૂચક બોર્ડ તૂટી પડતા આધેડનું મોત થયું, જે સીધો તંત્રની ગુનાહીત બેદરકારીની પ્રતિતિ કરાવે છે.

આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન મનપા કમિશનર એમ. નાગરાજન શહેરમાં હાજર નહોતા અને પશ્ચિમ બંગાળમાં ચૂંટણી ઓબ્ઝર્વર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. પરંતુ પ્રશ્ન એ છે કે કમિશનરની ગેરહાજરીમાં શું સમગ્ર તંત્ર પણ નિષ્ક્રિય બની જાય? અગાઉ જ્યારે વાવાઝોડાની આગાહી આપવામાં આવતી, ત્યારે મનપા દ્વારા હોર્ડિંગ્સ ઉતરાવવાની, મોટા ઝાડની છટણી કરવાની અને જોખમી સ્ટ્રક્ચર્સ દૂર કરવાની કામગીરી કરવામાં આવતી હતી. પરંતુ આ વખતે તંત્ર સંપૂર્ણપણે ઉંઘતું ઝડપાયું. ડભોલી ચાર રસ્તા પાસે સિલ્વર સ્ટોન વિલા કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે બનાવવામાં આવેલ ગેરકાયદે સેડ તૂટી પડવાનો બનાવ પણ તંત્રની બેદરકારીનું જીવંત ઉદાહરણ છે. સદનસીબે તે સમયે કોઈ રાહદારી ત્યાંથી પસાર થતો ન હોવાથી મોટી દુર્ઘટના ટળી, નહીં તો જાનહાનિ અનિવાર્ય હતી. તક્ષશિલા અગ્નિકાંડ બાદ શહેરમાં તમામ ગેરકાયદે સેડ દૂર કરવાના મોટા દાવા કરનાર મનપા તંત્રની હકીકત હવે સામે આવી છે. ભ્રષ્ટાચાર અને ખમીચામણાના કારણે આવા જોખમી સ્ટ્રક્ચર્સ આજે પણ યથાવત છે, જે નાગરિકોના જીવ માટે ખતરો બની રહ્યા છે.

આજના મિનિ વાવાઝોડાએ સ્પષ્ટ કરી દીધું છે કે મનપા તંત્રની બેદરકારી હવે માત્ર તંત્રની નિષ્ફળતા નથી, પરંતુ શહેરના લોકોના જીવ સાથે રમવાનો ગંભીર ગુનો બની ગઈ છે. હવે પ્રશ્ન એ છે કે જવાબદારી કોના માથે નક્કી થશે અને આવી ઘટનાઓને અટકાવવા માટે તંત્ર ક્યારે જાગશે? તેવા સવાલો ઉઠી રહયા છે.

**અડધો કલાકના વાવાઝોડાએ શહેરમાં સર્જી તારાજી**


સુવર્ણનગરી પાર્ટી પ્લોટનો સેટ ધ્વસ્ત


ડિંડોલીમાં બિલબોર્ડ રસ્તા પર ફેંકાયું



રિંગ રોડ પર ફ્લેક્સ બેનર્સ ફાટી ગયાં

■ સુરતમાં સાંજે સાડા સાતની આસપાસ આવેલા વાવાઝોડાએ ભારે તારાજી સર્જી છે. અનેક ઠેકાણે હોર્ડિંગ્સ અને વૃક્ષો તૂટી પડ્યા હતા જેના કારણે લોકોને પારાવાર નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ( તસવીર : હેમંત ડેરે, સતીષ જાદવ )

## યાત્રીઓને ચીન બોર્ડર સુધી લઇ જઇ કહી દેવાયું વિઝા નથી

**કૈલાસ** માનસરોવરના યાત્રાળુંઓ સાથે ઠગાઇ કરનાર નેચર ટૂરના માલિક સામે ગુનો

સુરતઃ ઉધનારોડ પર રહેતા કૈલાશ માનસરોવરના યાત્રાળુંને ચીનની સરહદથી પરત ફરવું પડ્યું હતું. વિઝા કેન્સલ થઇ ગયા હોવાનું કહીને ઠગાઇ કરનાર જલગાંવના ટુર સંચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઇ છે.

ઉધના ઝોન નજીક આવેલા સત્યનગર પાસે સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા આશિષ સન્મુખલાલ સાદકવાલાએ આ બનાવની ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમણે તેમના મિત્રોના ઓળખીતા નેચરટુરના માલિક અને જલગાંવમાં ઓફિસ ધરાવતા સમીર દેશમુખનો કૈલાશ માનસરોવરની યાત્રા માટે સંપર્ક કર્યો હતો. પ્રારંભિક વાતચીત બાદ આરોપીએ ટોકન રૂપે 25 હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ તેમનો ઓપરેટર અશ્વિન નેગી સુરત આવી તેમને મળ્યા હતા. તેમને પ્રતિ વ્યક્તિ રૂ.2.25 લાખનો ખર્ચ જણાવી રકમ તબક્કાવાર ચૂકવવા કહ્યું હતું.

વિશ્વાસમાં આવી આશિષભાઈએ કુલ રૂ.2.25 લાખની રકમ ચૂકવી દીધી હતી. ત્યારબાદ આરોપીઓએ તેમને ચીન બોર્ડર સુધી લઈ જઈ અચાનક વિઝા કેન્સલ થઈ ગયા હોવાનું કહી દીધું હતું અને 15 દિવસમાં રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી. જો કે, ત્યારબાદ પણ રૂપિયા પરત નહીં આપતા તેમણે કરેલી ફરિયાદના આધારે ઉધના પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાગળ-ચૌટાપુલમાં ચેકિંગ, 27 કિલો અખાદ્ય ખોરાકનો નાશ

**31,400** રૂપિયાનો દંડ, 227 એકમની તપાસથી વેપારીઓમાં ફફડાટ



સુરતઃ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી વ્યાપારીઓમાં હડકંપ મચાવી દીધો હતો. નવનિયુક્ત નાયબ આરોગ્ય અધિકારી અમિત પટેલના માર્ગદર્શન હેઠળ ભાગળ ચાર રસ્તાથી લઈને ચૌટાપુર વિસ્તાર સુધી સાંજના વ્યસ્ત સમયે તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન કુલ 227 જેટલી હોટલો, રેસ્ટોરન્ટ્સ, લારીઓ અને ખાણીપીણીના એકમોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનેક જગ્યાએ અયોગ્ય રીતે સંગ્રહિત અને વાસી ખોરાક મળી આવતા આરોગ્ય માટે જોખમી એવા આશરે 27 કિલો ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ હોવા છતાં કેટલાક વેપારીઓ તેનો ઉપયોગ કરતાં ઝડપાયા હતા, જેમાંથી અંદાજે 24 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. સ્વચ્છતાના નિયમોનો ભંગ કરવા બદલ વિવિધ એકમો પાસેથી કુલ રૂપિયા 31,400નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગે માત્ર દંડાત્મક કાર્યવાહી જ નહીં પરંતુ જાગૃતિ ફેલાવવાનો પણ પ્રયાસ કર્યો હતો.

વેપારીઓને સુકો અને ભીનો કચરો અલગ રાખવા સૂચના આપવામાં આવી હતી અને જ્યાં જરૂરી હતું ત્યાં તાત્કાલિક ડસ્ટબિન મુકાવી સોર્સ સેગ્રિગેશનની કામગીરી શરૂ કરાવવામાં આવી હતી.

### ગૌવંશ હત્યા કેસના ફરાર આરોપીને ઝડપી પાડતી સચિન પોલીસ

સુરતઃસચીન વિસ્તારમાં ગૌવંશ હત્યાના ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીને સચીન પોલીસે ઝડપી પાડ્યો છે. સચીન પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કામગીરી કરી રહેલી સર્વેલન્સની ટીમને ગૌવંશ હત્યા કેસમાં ફરાર આરોપી માજીદને પકડવામાં સફળતા મળી છે.આરોપી માજીદ ઉર્ફે કોલીયો અબ્દુલ શેખ (ઉંમર ૪૪, રહે. ડોળી ફળીયું, કછોલી ગામ, તા. ચોર્યાસી, જી. સુરત)ને પોલીસે ઝડપી પાડ્યો હતો. તે પશુપાલનનો ધંધો કરતો હતો. આ કામગીરીમાં એએસઆઈ જલ્પાબેન રાયદેભાઈ, હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ ધીરુભાઈ, હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ વિભાભાઈ તેમજ લોક રક્ષક દિક્ષાબેન જયરામભાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

### હીરાની ઠગાઈ કેસમાં આરોપીના આગોતરા નામંજૂર

સુરતઃ રૂપિયા 24.80 લાખના હીરાના ઠગાઈ કેસમાં આરોપી વિપુલ રામજી કાપડીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. અશ્વનીકુમાર પોલીસ સ્ટેશને ફરીયાદી હીરા વેપારી અલ્પેશભાઇ રણછોડભાઇ કથીરીયાએ આરોપી ભરત ભાઈ કરશન ભાઇ, વિપુલભાઇ રામજીભાઈ કાપડી, ભાવેશભાઈ પ્રેમજીભાઇ ભારોલીયા, પ્રકાશભાઇ વલ્લભભાઇ નાકરાણી સહિતનાં વિરુદ્ધ ઠગાઈનો કેસ કર્યો હતો. જેમાં બેની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ભાગતા ફરતા આરોપી પૈકી આરોપી વિપુલ કાપડીએ ધરપકડથી બચવા માટે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

### સરથાણામાં ટ્રાફિક સર્કલ પરથી કેબલ ચોરી કરતી ટોળકી ઝડપાઈ

સુરતઃ સરથાણા વિસ્તારમાં કેબલ ટ્રાફિક જંક્શન નજીક લગાવેલા કેબલની ચોરી કરતી ટોળકીમાંથી બે આરોપીને ઝડપી પાડી પોલીસે ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે નોંધાયેલા ગુનામાં આરોપીઓએ સરથાણા વિસ્તારના શાયોના પ્લાઝા તેમજ પુજન પ્લાઝા ટ્રાફિક જંક્શન નજીક લગાવેલા વિવિધ સાઈઝના કેબલની ચોરી કરી હતી. કુલ ૧૯૫ મીટર જેટલા કેબલ, જેની કિંમત રૂપિયા ૫૧,૮૩૨ થાય છે, તે ચોરી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. મળેલી માહિતીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી બે શંકાસ્પદ વ્યક્તિઓને ઝડપી પાડી તપાસ કરતાં તેમની સંડોવણી સામે આવી હતી. પોલીસે આરોપી આસીફ ઉર્ફે માઈકલ શફિકભાઈ શેખ (ઉં.વ.૩૦, રહે., દુબળો મોહોલ્લો, પરવટ, ગોડાદરા, સુરત, મૂળ ભુસાવલ, જલગાંવ, મહારાષ્ટ્ર) તથા ગફાર યાસીન બારસદ (ઉં.વ.૨૦, રહે., ફૂટપાથ, માધવબાગ સોસાયટી પાસે, પરવટ, ગોડાદરા, સુરત, મૂળ ભાવનગર)ને ઝડપી પાડી એક રિક્ષા જપ્ત કરી છે.

### ખજોદમાં મગદલ્લાના આધેડનું વાહન અડફેટે મોત

સુરતઃ ખજોદમાં પુત્રના ગેરેજ પર જતાં મગદલ્લા ગામના આધેડને વાહનચાલકે અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના વતની શ્રીરામ પ્રીતમ બઠે (ઉં.વ.55) હાલ મગદલ્લા ગામમાં આવાસમાં રહેતા હતા ગુરુવારે તેઓ તેના પુત્રના ટ્રકના ગેરેજ પર બાઈક લઈને જવા નીકળ્યા હતા. દરમિયાન ખજોદ પાસે અજાણ્યા વાહનચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી. જેમાં શ્રીરામ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયા હતા. નવી સિવિલ હોસ્પિટમાં ખસેડાતા તેમને મૃત જાહેર કારાયા હતા.

## સુરત રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટથી હાલાકી, ઉત્રાણ પર સ્ટોપેજની માંગ

**ટ્રેનો** ઉધના ડાયવર્ટ કરાતાં ભીડની સમસ્યા વકરી

સુરતઃ રેલવે સ્ટેશનને મલ્ટી-મોડલ હબ બનાવવા માટેના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટને લીધે હાલ મુસાફરોની હાલાકી વધી છે. સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨, ૩ અને ૪ આગામી ૬૦ દિવસથી વધુ સમય માટે બ્લોક હેઠળ હોવાથી મોટાભાગની ટ્રેનોને નજીકના ઉધના સ્ટેશન ખાતે ડાયવર્ટ કરવામાં આવી છે. જોકે, તમામ ટ્રેનોનું ભારણ ઉધના પર આવતા ત્યાં ભારે અરાજકતા અને ભીડનો માહોલ જોવા મળી રહ્યો છે, જેને પગલે જાગૃત નાગરિકો દ્વારા ઉત્રાણ સ્ટેશનને પણ વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાની માંગ કરાઈ છે. સુરતના મુખ્ય પ્લેટફોર્મ્સ બંધ હોવાથી પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરાયા છે. આ સ્થિતિમાં ઉધના સ્ટેશન પર મુસાફરોનો ધસારો ક્ષમતા કરતાં વધી ગયો છે. એક જાગૃત નાગરિકે રેલવે બોર્ડને રજૂઆત કરી હતી કે, જો ઉધનાની સાથે સાથે ઉત્રાણ સ્ટેશન પર પણ ટ્રેનોને સ્ટોપેજ આપવામાં આવે, તો મુસાફરોનો ટ્રાફિક વહેંચાઈ શકે અને લોકોને પોતાની અનુકૂળતા મુજબ બે વિકલ્પો મળી રહે. એક તરફ સુરત સ્ટેશનના નવીનીકરણથી ભવિષ્યમાં સુવિધા વધશે તે નક્કી છે, પરંતુ વર્તમાનમાં ઉધના સ્ટેશન પર ઉતરતા હજારો મુસાફરોને રિક્ષા ભાડા અને ભીડનો સામનો કરવો પડી રહ્યો છે. રેલવે પ્રશાસન દ્વારા ઉત્રાણ જેવા નજીકના સ્ટેશનનો મહત્તમ ઉપયોગ કેમ નથી કરાઈ રહ્યો, તેવો પ્રશ્ન મુસાફરોમાં ચર્ચાઈ રહ્યું છે.

### નાના વરાછામાં વિધવાએ પતિના વિરહમાં આપઘાત કર્યો

સુરતઃ નાના વરાછા ખાતે આવેલા ખાન મહોલ્લામાં માતા મુબ્બસીરા રાશિદખાન પઠાણ (ઉં.વ.31) પરિવાર સાથે રહેતી હતી. પતિના અવસાન બાદ મુબ્બસીરા માનસિક તણાવમાં રહેતી હતી. દરમિયાન 16મી માર્ચે રાત્રે મુબ્બસીરાએ ફાંસો ખાઈ લીધો હતો. જેની જાણ પરિવારના સભ્યોને થતાં તાત્કાલિક નીચે ઉતારી સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે સવારે મુબ્બસીરાનું મોત નીપજ્યું હતું.

## ગટરની લાઈનમાં ભંગાણથી સહરા દરવાજા ગરનાળું ગંદા પાણીથી છલકાયું

**હંમેશાં** ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં વાહનચાલકો ગંદા પાણીમાંથી જવા મજબૂર

**મ્યુનિસિપલ** તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને જાળવણીના દાવાઓ પર પ્રશ્નો ઊભા કર્યા



સુરત : શહેર સ્માર્ટ સિટી અને સ્વચ્છતા માટે દેશભરમાં ઓળખ ધરાવે છે, પરંતુ સહારા દરવાજા વિસ્તારમાં ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. અહીં વરસાદી પાણી નહીં પરંતુ ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતા લોકો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

સહારા દરવાજા સ્થિત ગરનાળામાં ગટરની મુખ્ય લાઈન ઉભરાતા સતત ગંદુ પાણી ભરાઈ રહ્યું છે. પરિણામે સમગ્ર અંડરપાસ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. અનેક વાહનચાલકો ગટરીયા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. જેના કારણે વાહનોને નુકસાન થવાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે. આ વિસ્તાર ટેક્સટાઈલ માર્કેટ માટે જાણીતો હોવાથી દરરોજ હજારો વેપારીઓ, મજૂરો, ગ્રાહકો અને વાહનચાલકો અહીંથી અવરજવર કરે છે.

ગરનાળામાં પાણી ભરાઈ જવાથી ખાસ કરીને માલવાહક ટેમ્પો અને રિક્ષાઓને ભારે મુશ્કેલી પડી રહી છે. પાણીના કારણે વાહનોની ગતિ ધીમી પડી જાય છે અને પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે. જો કે હાલ તો સફાઈ કર્મચારીઓ આ ગટરીયા પાણીનો નિકાલ કરવાની કામગીરીમાં જોતરાયા હતા. આ પરિસ્થિતિએ મ્યુનિસિપલ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને જાળવણીના દાવાઓ પર પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિકોમાંથી તાત્કાલિક સફાઈ અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ ઊઠી રહી છે.

## ભાઠેનામાં કૂતરું વચ્ચે આવી જતા ટેમ્પો પલટી ગયો, એકનું મોત

**ત્રણને** ઈજા, માલ મૂકવા ભાગાતળાવ જઈ રહ્યા હતા

**મૃતકના** વર્ષ પહેલાં જ લગ્ન થયાં હતાં

સુરતઃ લિંબાયત મીઠીખાડીથી સાડીનો માલ લઈને ભાગાતળાવ જતા ટેમ્પોની વચ્ચે રખડતું કુતરું આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેમ્પોમાં સવાર ચાર પૈકી એકનું મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ લોકોને ઈજા થઈ હતી.

બનારસના વતની અને હાલ લિંબાયત મીઠીખાડી પાસે આવેલા ગુજરાત સ્લમ બોર્ડમાં રહેતો આશિક અહમદ અનવર અંસારી (ઉં.વ.30) બુધવારે બપોરે આશિક, તેનો ભાઈ આતિક, સાથી મિત્ર ઈમ્તિયાઝ તેમજ શાહિદ સહિતના લોકો એક થ્રીવ્હીલ ટેમ્પોમાં સાડીનો માલ લઈને ભાગાતળાવ ખાતે ગોડાઉનમાં મૂકવા માટે જઈ રહ્યા હતા. ત્યારે શાહિદ ટેમ્પો ચલાવી રહ્યો હતો અને આશિક તેની બાજુમાં આગળ બેસેલો હતો. દરમિયાન ભાઠેના ખાડી ખરવરનગર પાસે તેમના ટેમ્પોની સામે રખડતું કુતરું આવી ગયું હતું. જેથી શાહિદે ટેમ્પોના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધું હતું. તેથી ટેમ્પો પલટી મારી ગયો હતો. જેમાં શાહિદ અને આશિકને ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમજ પાછળ બેસેલા બંનેને સામાન્ય ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત થયેલા શાહિદ અને આશિકને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાત્રે આશિકનું મોત નીપજ્યું હતું તેમજ શાહિદને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેના હાથનું ઓપરેશન કરવામાં આવ્યો છે. બનાવને પગલે ઉધના પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક આશિકના એકાદ વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા.

## વાડિયા વિમેન્સના બીજા વર્ષની વિદ્યાર્થિનીએ ફાંસો ખાધો

**પાંડેસરાની** બીએની વિદ્યાર્થિની અભ્યાસના કારણે ટેન્શનમાં હતી

સુરતઃ પાંડેસરામાં અભ્યાસના ટેન્શનમાં વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. નંદની વાડિયા વુમન્સ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના ચૌગાંવના વતની શાંતારામ મોરે, હાલ પાંડેસરા બમરોલી રોડ પર આવેલ ગીતાનગર સોસાયટી વિભાગ-1માં પરિવાર સાથે રહે છે અને સંચા ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેની પત્ની મિલમાં નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થાય છે. તેમની બે પુત્રી પૈકી 19 વર્ષીય નંદની અઠવાલાઇન્સ ખાતે આવેલ જે.એફ. વાડિયા વુમન્સ કોલેજમાં આર્ટ્સના બી.એના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. કાલે નંદનીના માતા-પિતા નોકરી પર ગયા હતા અને ભાઈ-બહેન શાળાએ ગયા હતા. દરમિયાન તેણીએ સાંજે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નંદનીએ આગામી સમયમાં આવતી પરીક્ષાના તેમજ અભ્યાસના ટેન્શનમાં અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. આ બનાવ અંગેની ઊંડાણપૂર્વકની તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

## દાઉદી વહોરા સમાજે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરી


તસ્વીરઃ સતીષ જાદવ

સુરતઃ પવિત્ર રમઝાન માસના 30 રોજા પૂરા થતા દાઉદી વ્હોરા સમાજ આજે ગુરુવારે ઈદ-ઉલ-ફિત્ર - રમઝાન ઈદની સાદગીપૂર્ણ માહોલમાં ઉજવણી કરી હતી.સાથે સાથે વિશ્વમાં શાંતિ અને માનવજાત વચ્ચે ભાઈચારો જળવાઈ રહે એવી દુઆઓ ગુજારી હતી. દાઉદી વોહરા સમાજ દ્વારા રમઝાન માસના અંતે ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ) ની ઉજવણી અત્યંત ઉત્સાહ, ભક્તિ અને શિસ્ત સાથે કરવામાં આવે છે. એક માસના રોઝા (ઉપવાસ) અને ઈબાદત બાદ ધર્મગુરૂ સૈયદના મુફદલ સૈફુદ્દીન સાહેબના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ જુદી જુદી મસ્જિદોમાં રમઝાન ઈદના ખુતબા સાથે વિશેષ નમાજ પઢીને ભાઈચારા અને કોમી એકતાના સંદેશ સાથે ઈદ મનાવે છે. દાઉદી વોહરા સમાજના 53મા સર્વોચ્ચ ધર્મગુરુ ડૉ. સૈયદના મુફદલ સૈફુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ના માર્ગદર્શન હેઠળ ઈબાદત અને ઉજવણી કરવામાં આવે છે.ઈદના ઈનામના દિવસે પરંપરાગત ભોજન અને મુલાકાત સાથે ઈદનો પર્વ ઉજવાય છે. લોકો નવા કપડાં પહેરીને, એકબીજાને ઈદની મુબારકબાદી આપે છે અને ઘરોમાં ખાસ કરીને શીરખુરમા જેવી વાનગીઓ પીરસવા આવે છે. દુનિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે અનેક પરિવારોમાં ગમગીની છવાઈ છે.

## પઠાણી ઉઘરાણીથી કંટાળી હીરા મેનેજરનો આપઘાત

**એક** લાખ સામે રોજ 1000 રૂપિયા આપ્યા છતાં વધુ નાણાંની માંગ કરી

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય હીરા કંપનીના મેનેજર વ્યાજખોરોના અસહ્ય ત્રાસ અને પઠાણી ઉઘરાણીથી કંટાળીને ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી છે. આ કેસમાં પોલીસે એક વ્યાજખોરની ધરપકડ કરી છે. ગત ૧૧મી માર્ચના રોજ હીરા કંપનીમાં મેનેજર તરીકે કામ કરતાં સંદીપભાઈ વિનુભાઈ મિયાણીએ વાલક-અબ્રામા બ્રિજ પાસે ઝેરી દવા પી લીધી હતી, જેમનું ટૂંકી સારવાર બાદ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જોકે, બનાવના પાંચ દિવસ બાદ મૃતકની પત્નીને મોબાઈલમાંથી એક વિડીયો મળી આવ્યો હતો. આ વિડીયોમાં સંદીપભાઈએ રડતા રડતા પોતાની વ્યથા ઠાલવી હતી કે, ‘હું થાકી ગયો છું, મારે જવાનો સમય આવી ગયો છે’ તેમણે વિડીયોમાં ડેનીશ ઉર્ફે જાડિયો સુરતી, સહદેવ ઢીલા અને સંજય ઉર્ફે વિજય ભરવાડ નામના શખ્સોના નામ આપતા જણાવ્યું હતું કે આ લોકોએ તેમને ખૂબ જ તંગ કર્યા છે. તપાસમાં બહાર આવ્યું છે કે, સંદીપભાઈએ સહદેવ ઢીલા પાસેથી અંદાજે ત્રણ-ચાર મહિના પહેલા ૧ લાખ રૂપિયા ઉછીના લીધા હતા, જેના પેટે તેઓ રોજના ૧૦૦૦ રૂપિયા વ્યાજ ચૂકવતા હતા. રકમ ચૂકવી દીધી હોવા છતાં વ્યાજખોરો વધુ નાણાંની માંગણી કરી માનસિક ત્રાસ આપતા હોવાનું ખુલ્યું છે. ઉત્રાણ પોલીસે આ મામલે વ્યાજખોર ડેનીશ ઉર્ફે જાડિયો સુરતી, સહદેવ ઢીલા અને સંજય ઉર્ફે વિજય ભરવાડ વિરુદ્ધ ગુનો નોંધી સહદેવ ઢીલાની અટક કરી વધુ પૂછપરછ શરૂ કરી છે.

### વ્યાજના ૨૦ હજાર માટે યુવકને ચપ્પુ બતાવી હત્યાની ધમકી

સુરતઃ વેડ રોડ પર રહેતા આયુષ ઉર્ફે કાળિયો વિનોદભાઈ ચૌધરીને નાણાની જરુર પડતાં તેણે વેડ રોડ પર રહેતા પ્રીત ઉર્ફે ભીમ ઉર્ફે પીયૂષ ખીમજીભાઈ સોસા પાસેથી ૧૦ ટકા વ્યાજે રૂ.૨૦,૦૦૦ લીધા હતા. તેણે કુલ રૂ.૧૨,૦૦૦ વ્યાજ આપી દીધું હતું. પરંતુ બાદમાં આર્થિક પરિસ્થિતિ નબળી થતાં આયુષે ચાર મહિનાનો સમય માંગ્યો હતો. આ બાબતે પ્રીત ઉર્ફે ભીમે સમય આપવાનો ઇનકાર કરી દર મહિને વ્યાજ ચૂકવવા પ્રેસર કરતો હતો અને તેની સાથે અંકત પણ સંડોવાયો હતો. પ્રીત ઉર્ફે ભીમે વધારાના રૂ.૯,૦૦૦ની માંગી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ થઇ છે.

## 50 હજારની સામે 1.5 લાખ વસૂલ્યા છતાં હજુ વ્યાજ બાકી!

**સિક્યુરિટીના** લીધેલા ચેકમાં રૂ. 2 લાખ લખી બેંકમાં ભરી દીધો

સુરતઃ મહિધરપુરા વિસ્તારમાં વ્યાજખોરીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં મહિલા સફાઈ કર્મચારીને 50 હજાર રૂપિયાના ઉછીના બદલ વ્યાજખોરે રૂ.1.55 લાખ વસૂલ્યા બાદ પણ વધુ નાણાં માટે પઠાણી ઉઘરાણી કરી ધમકી આપ્યાનો આક્ષેપ થયો છે.

મહિધરપુરા પોલીસમથક વિસ્તારમાં રહેતી અને સુરત મહાનગરપાલિકામાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતી લલીતાબેન સાથે બનેલો બનાવ વ્યાજખોરોના ત્રાસને ઉજાગર કરે છે. માહિતી મુજબ, લલીતાબેને લગભગ બે વર્ષ પહેલાં ઉતરાણ રેલવે સ્ટેશન નજીક રીધમ રેસિડેન્સીમાં રહેતા ભાવેશભાઈ દિનેશભાઈ ઝા પાસેથી 10 ટકાના વ્યાજે રૂ.50,000 ઉછીના લીધા હતા. તે સમયે જ આરોપીએ એડવાન્સ તરીકે રૂ.5,000 વ્યાજ કાપી લીધા હતા અને દર મહિને રૂ.10,000 હપ્તા મુજબ ચૂકવણી નક્કી કરી હતી. લલીતાબેને નિર્ધારિત સમયગાળામાં નિયમિત ચૂકવણી કરી કુલ રૂ.1.55 લાખ વ્યાજ અને મુદ્દલરૂપે ચૂકવી દીધા હતા. છતાં આરોપીએ પોતાની પાસે સિક્યુરિટી તરીકે રાખેલા સહીવાળા ચેકમાં રૂ.2 લાખની રકમ ભરી બેંકમાં જમા કર્યો હતો. ચેક પરત આવતા તેણે મહિલાને નોટિસ મોકલી વધુ કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, આરોપી વારંવાર લલીતાબેનના ઘરે આવી વધુ રૂ.50,000ની માંગણી કરી “હજુ વ્યાજ બાકી છે” કહી પઠાણી ઉઘરાણી કરતો હતો અને ધાકધમકી આપતો હતો. આ સતત ત્રાસથી કંટાળી લલીતાબેને આખરે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.